


ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત

ગ્રામસેવા કેન્દ્ર ભલાડા . તા. માતર જી.ખેડા.

જુન- જુલાઇ – ૨૦૨૦ પ્રવૃતિ અહેવાલ અંક :૧૨


**ગ્રામસેવા કેન્દ્રની પ્રવૃતિઓ:**

૧.વાલી સંપર્ક
૨. વિકલાંગો માટે કીટ વિતરણ
૩. ઓનલાઈન શિક્ષણ
૪. ઘર શાળા
૫. શતાબ્દી વર્ષ નિમિતે વૃક્ષારોપણ અને રોપા વિતરણ
૬.ઘર શાળા શિક્ષણ
૭. શતાબ્દી વર્ષ નિમિતે ખેતી કીટ વિતરણ


ઈમેલ આઈડી:

gvpbhalada@gmail.com

બ્લોગ આઈડી:

http://schoolbhalada9.blogspot.com

ફેસબુક આઈડી:

**Gramseva Kendra Bhalada**

યુટુબ આઈડી :

School nivashi bhalada9

**ટેલિગ્રામ આઈડી :**

**Nivashi bhalada 9**


## તુલસી અને હળદર નો આયુર્વેદિક ઉપચાર

તુલસી ખાસ કરીને હૃદય, યકૃત, ફેફસાં, હાઈ બ્લડ પ્રેશર અને બ્લડ સુગરની રક્ત વાહિનીઓને ઘટાડવામાં મદદગાર છે. તેથી, ચેપ સમયે તુલસીનો ઉકાળો પીવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. તુલસી વિટામિન સી અને ઝીંકથી ભરપુર છે. તે આ રીતે કુદરતી પ્રતિરક્ષા બૂસ્ટર તરીકે કાર્ય કરે છે અને ચેપને ખાડી પર રાખે છે. તેમાં પુષ્કળ એન્ટી બેક્ટેરિયલ, એન્ટી વાયરલ અને એન્ટી ફંગલ ગુણધર્મો છે જે આપણને વિવિધ પ્રકારના ચેપથી સુરક્ષિત રાખે છે. તુલસીના પાંદડાઓનો અર્ક ટી મદદગાર કોષો અને કુદરતી કિલર કોષોની પ્રવૃત્તિમાં વધારો કરે છે, રોગપ્રતિકારક શક્તિને વેગ આપે છે.ઔષધીય પદ્ધતિ અનુસાર, તુલસીમાં રોગો મટાડવાની પ્રચંડ સંભાવના છે. તુલસી ચેપને દૂર કરવા સાથે તાણ અને અન્ય રોગો સામેની કુદરતી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. તે શરદી અને શરદીની અસરને ઘટાડે છે અને તાવના ચેપને ઘટાડે છે, અને મેલેરિયા, ચિકન પોક્સ, ઓરી, ઈન્ફ્લ્યુએન્ઝા અને અસ્થમા જેવા રોગોને પણ દૂર કરે છે.

હળદરવાળું દૂધ પીવાના ઘણા ફાયદાઓ છે અને એ વિશે ઘણીવાર ચર્ચાઓ થતી રહે છે. ઘણા લોકોને હળદરવાળું દૂધ નથી ભાવતું પણ તેમ છતાં ક્યારેક કયારેક તેઓ હળદરવાળા દૂધને ઔષધિ તરીકે પી લે છે. એવું માનવામાં આવે છે કે તે શરદી, ખાંસી, ઘા વગેરે મટાડે છે અને રોગપ્રતિકારક શક્તિ પણ વધારે છે. હળદર અને દૂધ બંને આપણા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે .

**મેહુલભાઈ.એસ.પટેલ.**

❖ વાલી સંપર્ક : (૦૮-૦૬-૨૦૨૦ )

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત નિવાસી શાળા ભલાડાના ૨૦૨૦ ના નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ જેમાં વિદ્યાર્થીઓના પ્રવેશની સાથે – સાથે **વાલી સંપર્ક** પણ કરવામાં આવ્યો જેમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને ગ્રામસેવા કેન્દ્રની વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓની માહિતી આપવામાં આવી .





❖ વિકલાંગો માટે કીટનું વિતરણ: (૧૩-૦૬-૨૦૨૦ )

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવાકેન્દ્ર ભલાડા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પરીવાર ના સહયોગથી આંખની હોસ્પીટલ અંધજન મંડળ બારેજા ના સહયોગથી જરૂરિયાત મંદ વિકલાંગો માટે કીટનું વિતરણ કરવામાં આવ્યું.





❖ ઓનલાઈન શિક્ષણ: વોટ્સઅપ ગ્રુપ દ્વારા  : (૧૫-૦૬-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી શાળા ના વિદ્યાર્થીઓ કોરોના મહામારીને કારણે ઘરે જ રહીને અભ્યાસ કરી શકે તે માટે વાલીઓના સંપર્ક દ્વારા નિવાસી શાળા ભલાડા નામનું એપ્રિલ મહિનામાં વોટ્સઅપ ગ્રૂપ બનાવવામાં આવ્યું હતું જેમાં વાલીઓને તેઓના બાળકોને દરરોજ પ્રવેશ અંગેની માહિતી મોકલવામાં આવતી હતી , આજ ગ્રૂપમાં સરકારશ્રીના ઓનલાઈન શિક્ષણના વિડીયો મોકલવામાં આવ્યા , જેના લીધે બાળકો ઘરે જ રહીને ટેક્નોલોજીનો ઉપયોગ કરી શિક્ષણ મેળવી શકે .




❖ ઘર શાળા :પાઠ્ય પુસ્તક વિતરણ  : (૨૨-૦૬-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત નિવાસી શાળા ભલાડાના નવા સત્રના પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ ઘરે રહીને અભ્યાસ કરી શકે તે માટે વાલીઓના સંપર્ક દ્વારા તેમના ઘરે જઈ “ પાઠ્ય પુસ્તક” અને માસિક “ ઘરે શિખીએ ‘ પુસ્તિકાઓ અને અનાજની કીટ આપવામાં આવી .



❖ શતાબ્દી વર્ષ નિમિતે વૃક્ષારોપણ અને રોપા વિતરણ : (૨૨-૦૭-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર ભલાડા દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિતે વન વિભાગના અને યુવાનોના સહયોગથી ભલાડા ગામના ખેડૂતોને રોપાનું વિતરણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું .





❖ ઘર શાળા : (૨૪-૦૭-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી શાળા ના વિદ્યાર્થીઓ કોરોના મહામારીને કારણે ઘરે જ રહીને અભ્યાસ કરી શકે તે માટે વોટ્સઅપ ગ્રૂપમાં ઘરે ભણી શકે તે માટે ડી.ડી.ગિરનાર ના કાર્યક્રમો ની જાણ કરવામાં આવી જેથી બાળકો ટી.વી.ના માધ્યમ થી પણ ઘરે રહી શિક્ષણ મેળવી શકે .





❖ શતાબ્દી વર્ષ નિમિતે ખેતી કીટનું વિતરણ : (૩૧-૦૭-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર ભલાડા દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિતે બાગાયત વિભાગ ખેડા જિલ્લાના સહયોગથી ભલાડા,નાંદોલી ,મરાલા, ગામના વાલ્મીકિ સમાજના ખેડૂતોને ખેતી કીટ વિતરણ કરવામાં આવી .



# ગ્રામસેવા કેન્દ્ર ભલાડાની સેવાકીય પ્રવૃતિઓ

❖ આરોગ્ય લક્ષી કાર્ય :

- ❖ માં અમૃતમ યોજના અંતર્ગત ભલાડા ગામના જરૂરિયાત મંદ પરિવાઓને વિનામુલ્યે આરોગ્યલક્ષી સારવાર માટે માં અમૃતમ અને આયુષ્યમાં કાર્ડ ૪૮ કાઢી આપવામાં આવ્યા , જેમાં પરિવારના પાંચ સભ્યોને પાંચ લાખની આરોગ્યલક્ષી સારવાર આરોગ્ય વિભાગ દ્વારા સૂચવેલ હોસ્પિટલોમાં વિના મૂલ્યે મળશે .
- ❖ કોનકોર્ડ બાયોટેક લીમિટેડ માતર તાલુકાના સહયોગથી ભલાડા ગામમાં દર ગુરુવારે વિનામુલ્યે પ્રાથમિક સારવાર કાર્ય શરૂ કરવામાં આવ્યું .
- ❖ રેડક્રોસ સોસાયટી ખેડા – આણંદ જિલ્લાના સહયોગથી ભલાડા ગામના જરૂરિયાત ધરાવતા વ્યક્તિઓને લોહીની વ્યવસ્થા કરી આપવામાં આવે છે .
- ❖ ચારુસેટ હોસ્પિટલ ચાંગા , જાયડસ હોસ્પિટલ આણંદ , મહાગુજરાત હોસ્પિટલ , ચરોતર હોસ્પિટલ ખેડા , ક્રુષ્ણ હોસ્પિટલ કરમસદ ના સહયોગથી ભલાડા ગામના દર્દીઓ માટેની આરોગ્યલક્ષી સારવાર માટે કાર્ય થાય છે.




❖ વૃક્ષોનું જતન :

❖ વન વિભાગ માતર તાલુકાનાં સહયોગથી ભલાડા ગામના ખેડૂતોને શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે છોડ નું વિતરણ કરવામાં આવ્યું . જેમાં ,

| છોડનું નામ | વિતરણ કરેલ સંખ્યા |
|---|---|
| નિલગિરી | ૫૦૦૦ |
| સાદડ | ૪૦૦ |
| લીંમડા | ૪૦૦ |
| વાંસ | ૩૦૦ |
| જાંબુ | ૧૦૦ |
| પેંટો | ૫૦૦ |
| અરડૂસા | ૪૦૦ |
| ગુલમહોર | ૫૦૦ |
| તુલસી | ૨૦૦ |
| સીતાફળ | ૧૦૦ |
| આસોપાલવ | ૧૦૦ |
| સેવન | ૫૦૦ |
| કુલ : | ૮૫૦૦ |

સામાજિક વનીકરણ યોજના અંતર્ગત પોતાના ખેતરમાં અને સેડા ઉપર ૧૦ **ખેડૂતોએ** વૃક્ષારોપણ કરેલ છે , જેઓને છોડ ઉછેર માટે દરેક ખેડૂતને ૭/- રૂ. નિભાવ ખર્ચ મળશે , જેમાં ૨૦૦ છોડનું વાવેતર થયેલ છે .

❖ **ઓનલાઈન ખેડૂત સહાય રજીસ્ટ્રેશન કાર્ય :**

❖ ખેતીવાડી વિભાગના સહયોગથી પાક સંગ્રહ સ્ટ્રક્ચર ( ગોડાઉન ) માટે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર ભલાડા દ્વારા ભલાડા ગામના ખેડૂતોને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિતે ૭૦ ફોર્મનું ઓનલાઈન નોધણી કરવામાં આવી , જેમાં ૩૦,૦૦૦/- સહાય મળવા પાત્ર છે .

❖ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના અંતર્ગત ભલાડા ગામના ૧૨૨ પશુ ધારકોની ઓનલાઈન નોધણી કરવામાં આવી , જેમાં વાર્ષિક ૧૦,૮૦૦/- રૂ. મર્યાદામાં સહાય મળવા પાત્ર થશે .

❖ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારું ભલાડા ગામના પશુ પાલકોને પ્રત્યેક કૃષિ કિટના ૧૩૫૦/- માટે ૭૮ ખેડૂતોની ઓનલાઈન નોધણી કરવામાં આવી .

❖ ફળ –શાકભાજી પાકનું વેચાણ કરતાં નાના વેપારીઓને ગરમી , ઠંડી , વરસાદથી રક્ષણ મેળવવા માટે વિનામુલ્યે છત્રી આપવાની યોજનાના ૨૨ ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યા .

❖ બાગાયતી વિભાગના સહયોગથી શાકભાજી ખેતી કિટનું વિતરણ અનુ.જાતિ જ્ઞાતીના ખેડૂતો ને કરવામાં આવ્યું જેમાં

| ગામનું નામ | કીટ વિતરણ સંખ્યા |
|---|---|
| ભલાડા | ૨૧ |
| નાદોલી | ૦૭ |
| વસ્તાણા | ૦૭ |
| સાયલા | ૦૬ |
| કુલ : | ૪૧ |

❖ આત્મા પ્રોજેકટ અંતર્ગત ચોમાસુ પાક ડાંગર બિયારણ અને ખાતર કિટનું વિતરણ ભલાડા ગામના ૦૮ ખેડૂતોને કરવામાં આવ્યું .



